નવી બાબત-૨૦૧૫-૧૬
ઇડીએન-૧૨૭

ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન (IITE), ગાંધીનગર ખાતેની જગ્યાઓ અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:પરચ /૧૨૧૫/૨૧/ખ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:

**વંચાણે લીધા:-**

૧) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીનો તા.૦૯/૦૪/૨૦૧૫ નો પત્ર ક્ર: OW/ISC-7/EDN-127/ વહીવટી-મંજૂરી/૨૦૧૫-૨૦૧૬/૨૫૯૬

**આ મ ખ:-**

ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન(IITE), ગાંધીનગર ખાતે નવી જગ્યાઓ ભરવા માટે સને ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે રૂ.૫૦.૧૦/- લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે: જેને વહીવટી મંજુરી આપવા ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીએ વંચાણે લીધેલા પત્રથી દરખાસ્ત કરી હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠ રા વ-**

ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન ,ગાંધીનગર ખાતે નીચે દર્શાવેલ કુલ-૪ નવી જગ્યાઓ ઉભી કરવા માટે નીચેની શરતોને આધીન રૂ. ૫૦.૧૦/- લાખ (અંકે રુપિયા પચાસ લાખ દસ હજાર પુરા) નો ખર્ચ કરવા માટે વહીવટી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | પગાર ધોરણ |
|---|---|---|---|
| ૧ | એસોસીએટ પ્રોફેસર | ૨ | ૩૭,૪૦૦-૬૭,૦૦૦ ગ્રેડ પે-૯૦૦૦ |
| ૨ | આસીસ્ટન્ટ પ્રોફેસર | ૨ | ૧૫૬૦૦-૩૯૧૦૦ ગ્રેડ પે-૬૦૦૦ |
| | કુલ | ૪ | |

**શ ર તો-**

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

2015

... ૦૯/૦૬/૧૫ ... Education

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતાં ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાન્તોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વંયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરેન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ અનુસાર ઠરાવેલ રેશીયો મુજબ ભરવા કાર્યવાહી કરવાની રહેશે.

(૮) જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની રહેશે.

(૯) સીધી ભરતીથી નિમણુંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦(પા.ક.) ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૦) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે.આ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૧) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૨) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૩) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૪) આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદત પૂરી થતા પહેલાના એક માસ અગાઉ નાણાકીય સલાહકારીશ્રીને રજુ કરી સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૫) તા.૧.૪.૨૦૧૫ થી ખર્ચ કરવાનો રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માગણી નં.- ૦૯(પ્લાન), ૨૨૦૨-સામાન્ય શિક્ષણ, ૦૩ યુનિવર્સિટી અને ઉચ્ચ શિક્ષણ, ૧૦૨- યુનિવર્સિટીઓને સહાય, ૧૩ ૭ડીએન નં.૧૨૭ શિક્ષકોના શિક્ષણ માટેની ગુજરાત યુનિવર્સિટી, ગાંધીનગર (૨૨૦૨-૦૩-૧૦૨-૧૩) હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

૩. આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૨.૦૪.૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( નિકુંજ જાની )
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,
- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- રજિસ્ટ્રારશ્રી, ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન (IITE) યુનિવર્સિટી, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, સંબંધિત જિલ્લા
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- નાણા શાખા, બજેટ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ.